ગુજરાત સરકાર

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

ઠરાવ ક્રમાંક:નવબ/૧૧૦૮/૦૬/ઈ

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:૧૪-૨-૨૨

વંચાણે લીધા:-

૧. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયનું તા.૦૪/૦૧/૨૦૨૧નું જાહેરનામું ક્રમાંક:38-16/2020-DD-III

૨.ભારતના સરકારના કાયદો અને ન્યાય મંત્રાલયનો તા.૨૭/૧૨/૨૦૧૬નો Act No.49 OF 2016 (THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT, 2016)ની કલમ-૩૪

૩. અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા.૨૯/૦૧/૨૦૨૧ના રોજ મળેલ પેટા તજજ્ઞ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ

૪. અગ્રસચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ મળેલ પેટા તજજ્ઞ સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ

૫. આ વિભાગનો તા.૧૨/૦૬/૨૦૦૯નો સમાનાંકી ઠરાવ

૬. આ વિભાગનો તા.૧૯/૦૯/૨૦૦૯નો સમાનાંકી ઠરાવ

આમુખ :

ભારત સરકારનો ઉપર ક્રમ (૨) મુજબનો Act No.49 Of 2016 (THE RIGHTS OF PERSONS WITH DISABILITIES ACT, 2016) અમલમાં આવતા ઉપર ક્રમ (૩) મુજબ મળેલ પેટા તજજ્ઞ સમિતિની બેઠકમાં રાજ્ય સરકારની સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓને સમાન તક મળે તે માટે દિવ્યાંગતા સુનિશ્ચિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં અધિક્ષક ઇજનેર, સોઈલ ડ્રેનેજ અને રેક્લેમેશન, વર્ગ-૧, સંશોધન અધિકારી, વર્ગ-૧ અને મદદનીશ સંશોધન અધિકારી, વર્ગ-૨ નકકી કરવામાં આવેલ વિકલાંગતા તેઓની ફીડર કેડરમાં નિયત વિકલાંગતાથી અલગ પડતી હોવાથી વિભાગ દ્વારા પુન:વિચારણા કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી તેમજ વિભાગની અન્ય બે સંવર્ગ ભૂમિ મોજણી અધિકારી, વર્ગ-૧ અને નાયબ ભૂમિ મોજણી અધિકારી,વર્ગ-૨ સંવર્ગમાં વિકલાંગતા નિયત કરવાની બાકી હોવાથી તે માટે વિભાગ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. ઉકત બંન્ને બાબતો ઉપર ક્રમ (૪) મુજબ તા.૨૩/૧૨/૨૦૨૧ના રોજ મળેલ પેટા તજજ્ઞ સમિતિની બેઠકમાં વિચારણા કરવામાં આવેલ જેમાં નીચે મૂજબના ૦૪ સંવર્ગોની ભરતીમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે દિવ્યાંગતા સુનિશ્ચિત કરવા અંગે ઠરાવ કરવામાં આવે છે.

ઠરાવ :

પુખ્ત વિચારણાના અંતે વંચાણમાં લીધેલ જાહેરનામાં / ઠરાવો / Act અન્વયેની સૂચનાઓના પરિપ્રેક્ષ્યમાં તથા વંચાણે લીધેલ ક્રમ(૩) સામે નિર્દિષ્ટ અગ્રસચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા.૨૯-૦૧-૨૦૨૧ના રોજ યોજાયેલ પેટા તજજ્ઞ સમિતિની બેઠકની ભલામણ તેમજ ત્યારબાદ ક્રમ (૪) સામે નિર્દિષ્ટ અધિક મુખ્ય સચિવશ્રી,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને તા.૨૭-૧૨-૨૦૨૧ના રોજ યોજાયેલ પેટા તજજ્ઞ સમિતિની બેઠકમાં થયેલ

પુનઃવિચારણાને અંતે નીમ્ન નિર્દિષ્ટ પત્રક-૧ મુજબની દિવ્યાંગતાને માન્ય રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

પત્રક-૧

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | તા.૨૩-૧૨-૨૦૨૧ના રોજ તજજ્ઞ સમિતિએ માન્ય રાખેલ દિવ્યાંગતા | | | |
|---|---|---|---|---|---|---|
| | | | A | B | C | D&E |
| ૧ | મદદનીશ સંશોધન અધિકારી | વર્ગ-૨ | LV (40-70)% | D, HH | OA,OL,BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)% MD (40-70)% |
| ૨ | સંશોધન અધિકારી | વર્ગ-૧ | LV (40-70)% | D, HH | OA,OL,BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)% MD (40-70)% |
| 3 | ભૂમિ મોજણી અધિકારી | વર્ગ-૧ | LV (40-70)% | D, HH | OA,OL,BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)% MD (40-70)% |
| ૪ | નાયબ ભૂમિ મોજણી અધિકારી | વર્ગ-૨ | LV (40-70)% | D, HH | OA,OL,BL, CP, LC, Dw, AAV | ASD(M, MoD), SLD, MI (40-70)% MD (40-70)% |

Code and functional classification :-

Low vision (LV), Deaf (D), Hard of hearing (HH)

Locomotor disability (LD) :- OA (one arm), OL (one leg), BL (both legs)

Cerebral palsy (CP), Leprosy cured (LC), Dwarfism (Dw), Acid attack victim (AAV),

Autism Spectrum Disorder (ASD) :- M- Mild, MoD-Moderate

Specific learning disability (SLD), Mental illness (M)

Multiple Disabilities (MD):- Disabilities included in group (A) to (D)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chavada

(પી.એન.ચાવડા)

ઉપસચિવ(સેવા)

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)

નકલ સવિનય રવાના :

૧. માન.મંત્રીશ્રી(જ.સં),સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

૨. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૩. અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૪. સચિવશ્રી (જ.સં.), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫. ખાસ સચિવશ્રી (જ.સં.), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૬. સચિવશ્રી (કલ્પસર), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. સચિવશ્રી (પા.પુ.), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૮. સચિવશ્રી (નર્મદા), ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૯. સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૦. નાયબ કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેના કમિશનરની કચેરી, બ્લોક નં.૧૬, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૧. આસી. જનરલ મેનેજરશ્રી (પર્સો.), સરદાર સરોવર નર્મદા નિગમ લી., ગાંધીનગર.

૧૨. મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા, આણંદ.

૧૩. મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.

૧૪. વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી., ગાંધીનગર.

૧૫. વિભાગ હેઠળના સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ / ખાતાના વડાઓ / અધિક્ષક ઇજનેરશ્રીઓ

૧૬. નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, બ્લોક નં.૧૬, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૧૭. સેક્શન અધિકારીશ્રી, ઈ.૨,ઇ-૩, ઈ, ઈ.૫, ફ, ફ.૧, ગ, ગ.૨,આઇટી શાખાઓ, ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૮. વિભાગના વેબસાઇટ મેનેજરશ્રી તરફ – પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ

૧૯. ના.સે.અ.શ્રીની સીલેક્ટ ફાઇલ / શાખા સીલેક્ટ ફાઇલ

IT Cell